લાલપટી
યાને
મેજીસ્ટ્રેટનું રાજીનામું.

આવૃત્તિ ૧ લી. | પ્રત ૨૦૦૦.

અનુવાદક

ગિરધરલાલ ભાઉજી ઠક્કુર.

પ્રકાશક
નારણલાલ મોતીલાલ શાહ
બુકસેલર ઍન્ડ પબ્લીશર
રીચીરોડ—અમદાવાદ.
મૂલ્ય બે આના.

બે બોલ.

આવી ન્હાનકડી બુકના અંગે પ્રસ્તાવના લખવાની જરૂર નથી, પણ બે બોલ લખવાની ઇચ્છા થાય છે. આ બુક હિન્દી ભાષા ના વિદ્વાન નવલકથાકાર શ્રીયુત બાબુ 'પ્રેમચંદ' ની લાલ ફિતા યાને મેજીસ્ટ્રેટનું રાજીનામું નામની ન્હાની વાર્તાનો અનુવાદ છે જેની હિન્દી ભાષામાં ત્રણ આવૃતિઓ બહાર પડી છે. બને ત્યાં સુધી ભાષા સરળ અને પાત્રોનાં નામ સાદા રાખવા પ્રયત્ન કર્યો છે, પરન્તુ સેવક જેવા હિન્દી ભાષાના ઓછા અનુભવીના હાથે આવા વિદ્વાનની બુક ગુજરાતીમાં થાય તેમાં ભૂલચુકો તો અવશ્ય રહે વાંચકબન્ધુઓ હંસવૃતિ ધારણ કરી ક્ષમા આપશે.

આ બુક ગુજરાતીમાં લખવામાં બુકસેલર નારણલાલ લાલ શાહે જે ઉત્સાહ આપ્યો છે. તે બદલ તેમનો આભાર

અમદાવાદ.
ધનાસુતારની પોળ.

લી૦ ભારતસંતાનોનો
સેવક,
ગિરધરલાલ ભાણજી ઠક્કર

શ્રી આદર્શ પ્રેસમાં
શાહ વાડીલાલ ડાહ્યાભાઇ પંડિતે છાપ્યું
પાંચકુવા, નવાદરવાજા—અમદાવાદ.

લાલપટી

યાને

મેજીસ્ટ્રેટનું રાજીનામું.

૧

વિદ્યાપર જાતિ વિશેષ અથવા કુળનું એકાધિપત્ય નથી હોતું. હરિદાસ જાતિના કણબી હતા. માંડળમાં રહેતા હતા. ઘેર ખેતીવાડી હતી. પણ ત્હેને બાલ્યાવસ્થાથીજ વિદ્યાભ્યાસનું વ્યસન હતું. આ વિદ્યા પ્રેમ જોઇ ત્હેના પિતા રામજી પટેલે, ઘણી ચતુરાઇથી કામ લીધું. ત્હેને હળ હાંકવા ન મૂક્યો. પોતે સાદું ખાતા હતા, જાડું ઝીણું પહેરતા હતા, અને ખેતીનું દરેક કામ કરતા હતા, પણ હરિદાસને કશું દુઃખ થવા દેતા ન્હોતા. તે પુત્રને રામાયણ વાંચતો જોઇ ખુશીમાં ફુલ્યા સમાતા ન્હોતા. જ્યારે ગામના લોકો એની પાસે પોતાના સમન અથવા કાગળો વંચાવવાને આવતા હતા ત્યારે ગર્વથી મસ્તક ઉંચું થઇ જતું હતું. પુત્ર પાસ થવાની ખુશાલી અને નાપાસ થવાનો શોક ત્હેને પુત્રથી પણ વધારે થતો હતો, અને ત્હેના ઇનામોને જોઇ તે જાણે સ્વર્ગમાં પહોંચી જતા હતા. હરિદાસનો ઉત્સાહ એ પ્રેરણાઓથી હતો તે કરતાં વિશેષ વૃદ્ધિ પામવા લાગ્યો, અને તે એટલે

સુધી કે ક્રમે ક્રમે મેટ્રિક્યુલેશનની પરિક્ષામાં પાસ થઇ ગયો. રામજી પટેલે ધાર્યું હતું કે હવે ખળું લેવાનો સમય પાસે આવી ગયો. પણ જ્યારે મ્હેને ખબર પડી કે આ વિદ્યાનો અંત નથી બલ્કે ખરી રીતે શરૂઆત છે ત્યારે મ્હેનો જુસ્સો ઠંડો પડી ગયો. કિન્તુ હરિદાસનો અનુરાગ હવે મુશ્કેલીઓને ધ્યાનમાં લાવતો ન્હોતો. આ દૃઢ સંકલ્પની સાથે જે બહુધા ગરિબી ચતુર યુવકોમાં જોવામાં આવે છે તે કૉલેજમાં દાખલ થઇ ગયો. રામજી પટેલ હારીને ચૂપ થઇ ગયા. તે દિન પ્રતિ દિન અશક્ત થતા જતા હતા અને ખેતીના પરિશ્રમનું બીજું નામ છે. વખતે કદિ સાંતી જોડાતું નહિ તો કદિ કોસ બંધ રહેતા હતા. તેમ તેમ ઉપજ પણ ઓછી થયે જતી હતી. આવી કઠિનતામાં પણ તે હરિદાસના અભ્યાસના ખર્ચનો બંદોબસ્ત કરવાનું ચુકતા ન્હોતા. ધીમે ધીમે મ્હેની તમામ જમીન ગીરો મુકાઇ ગઇ. તે એટલે સુધી કે જ્યાં હરિદાસ એમ૦ એ૦ માં પાસ થયો ત્યાં એક તસુ જમીન પણ બચી ન્હોતી. સૌભાગ્યથી મ્હેનો નંબર વિદ્યાલયમાં સર્વથી ઉંચો હતો. એથી મ્હેને ડેપ્યુટી મેજીસ્ટ્રેટની જગ્યા મળી ગઇ. રામજી પટેલે એ સમાચાર સાંભળ્યા કે પાગલની માફક દોડતા દોડતા ઠાકોર દ્વારામાં ગયા અને ઠાકોરજીના ચરણોમાં પડી ગયા. મ્હેને સ્વપ્નમાં પણ આવી આશા ન્હોતી.

૨

હરિદાસ વિદ્વાન જ ન્હોતા, સદ્વર્તની પણ હતા. મ્હોટા નિર્ભીક, સ્પષ્ટવક્તા, દયાળુ અને ગંભીર. ન્યાય પર મ્હેની પૂર્ણ ભક્તિ હતી. ન્યાય પથથી ડગલું પણ ચળ ન્હોતા. પ્રજા મ્હેનાથી દબાતી હતી પણ સાથે પ્રેમ રાખતી હતી. અધિકારી વર્ગ મ્હેનું સન્માન કરતા હતા, પણ મનમાં તેથી શંકિત રહેતા હતા.

તેણે નીતિશાસ્ત્રનું ખૂબ અધ્યયન કર્યું હતું. એને એ શાસ્ત્રપર ઘણો પ્રેમ હતો. તે કાયદાને જ પોતાનો અમલદાર સમજતા હતા. અમલદારોને ખુશ રાખવા ચ્હાતા હતા પણ જ્યારે ત્હેનો હૂકમ કાયદા વિરૂદ્ધ થતો ત્યારે તે બિલ્કુલ માનતાજ ન્હોતા.

ત્હેને નોકરી કરતાં પાંચ વર્ષ થઇ ગયાં હતાં. ખેડા જીલ્લામાં નોકરી હતી. રામપ્રસાદ જમીનદારને ઘેર ધાડ પડી. પોલીસને આસામીયો પર શક પડયો. કેટલાક આસામીયોને પકડયા, સાક્ષિયો ઉભા કરવામાં આવ્યા અને શકદારો પર કેશ ચાલવા લાગ્યો. પકડાયેલા બિચારા નિરપરાધ ખેડુતો હતા. ચારે તરફ કોળાહળ મચી ગયો. કેટલાએ ખેડૂતો જિલ્લાધિશની પાસે જઇને રડી પડયા. જિલ્લાધીશ જમીનદાર સાહેબના મિત્ર હતા, વર્ષમાં બે ચાર મીજબાનીઓ ઉડાવતા, ત્હેના જંગલમાં શિકાર રમતા, ત્હેની મોટરો અને ગાડીઓમાં ચ્હડી સ્હેલ સપાટા કરતા હતા. આ સામીયોની બેઅદબીપર ગુસ્સે થઇ ગયા. ત્હેને દમદાટી દઇ કહાડી મૂકયા. જવાળા ઉલ્ટી વધારે ભડકી. સાહેબે હરિદાસને બંગલે બોલાવી તાકીદ કરી હતી કે ગુન્હેગારોને સજા અવસ્ય કરવી, નહિ તો જીલ્લામાં બળવો થઇ જશે. કિન્તુ હરિદાસને જ્યારે જણાયું કે સાક્ષી બનાવટી છે અને વધારે તો જમીનદાર સાહેબનાજ છે, ત્યારે ત્હેણે ગુન્હેગારોને છોડી મૂકયા. જીલ્લાના હાકીમે આ ફેસલો સાંભળ્યો પછી શું પૂછવું ? હરિદાસનો રિપોર્ટ કર્યો. બદલી થઇ ગઈ.

બીજીવાર પાછું નીચ જાતિવાળાની સાથે ન્યાય કરવાનું ત્હેને એવું જ ફળ મળ્યું. ગામડાની સ્કુલોમાં નીચ જાતિઓનાં છોકરાં દાખલ થવા પામતાં ન્હોતાં. કંઇક તો શિક્ષકો વિરૂદ્ધ હતા, બધા

વધારે ગામના લોકો. હરિદાસ ડિસ્ટ્રીકમાં ગયા અને એ ફરિયાદ સાંભળી ત્યારે કેટલાક શિક્ષકોની બદલી કરી અને કેટલાક માણસોનો દંડ કર્યો. જમીનદારોએ આ જોયું ત્યારે ત્હેની સાથે દ્વેષ કરવા લાગ્યા. નનામી અરજીઓ ખોટી બાબતોથી ભરાઇને અમલદારો પાસે જવા લાગી. મામલતદારો, તલાટી વિગેરેએ મળી જમીનદારોને એથી પણ વધારે ઉશ્કેર્યાં. એક કણબીનું આટલા ઉચ્ચપદ પહોંચવું બધાને ખટકતું હતું. પરિણામ એ આવ્યું કે લોકોએ પોતાનાં બાળકોને સ્કૂલોમાંથી ઉઠાડી લીધાં, કેટલીક નિશાળો બંધ થઇ ગઈ. હરિદાસની પૂરી બદનામી થઈ ગઇ. જીલ્લા અમલદારે ત્હેને ત્યાં રાખવા ઉચિત ન ગણ્યા. વળી ત્હેની બદલી કરી એટલુંજ નહિ પણ એક દરજ્જો એ ઉતરી ગયો.

આ અન્યાયોના થવા છતાં પણ હરિદાસના જેવો કર્તવ્યશીલ અમલદાર આખા પ્રાન્તમાં ન્હોતો. ત્હેને ખાત્રી હતી કે મ્હારો સ્થાનિક અમલદાર ગમે એટલો પક્ષપાતી હો, ત્હેની નીતિ ગમે તેટલી સંકુચિત હો, પણ દેશનું શાસન સત્ય અને ન્યાયપરજ સ્થિત છે. ઇંગ્રેજી રાજ્યની તે હમ્મેશાં સ્તુતિ કર્યા કરતા હતા. આ એજ શાસન કાળની ઉદારતા હતી કે ત્હેને આવું ઉચ્ચપદ પ્રાપ્ત થયું. નહિ તો ત્હેના માટે આ અવસર ક્યાં હતો ? શિક્ષણની આટલી ઉન્નત્તિ ક્યારે થઇ ? તે જાણતા હતા કે આ રાજ્યમાં પણ કંઇ નહિ ને કંઈ ખામીઓ તો જરૂર છે. માનવી સંસ્થાઓ કદિ દોષ રહિત હોઇ શકતી જ નથી, પણ ખામીઓ કરતાં ફાયદાઓનું ત્રાજવું કંઇક નમતું છે. એજ વિચારો હતા જેથી પ્રેરિત થઇ યુરોપિય મહા સમરમાં હરિદાસજીએ સરકારની સલામતી માટે કોઇ વાત બાકી ન રાખી. હજારો રૅન્ગરૂટ ભરતી કરાવ્યા લાખો રૂપિયા કર્જે

અપાવ્યા અને મહિનાઓ ફરી ફરી લોકોને ઉત્તેજીત કરતા રહ્યા. રહેના બદલામાં એને રાયબહાદુરનો ખેતાબ મળ્યો.

૩

શિયાળાના દિવસો હતા. ડેપ્યુટી હરિદાસ પટેલ બાળબચ્ચાની સાથે ડિસ્ટ્રીકમાં ફરતા હતા. ત્રણે પુત્રો પિતાજીને મળવા આવ્યા હતા. મ્હોટો કનૈયાલાલ અમદાવાદની મેડિકલ કોલેજમાં ભણતો હતો. વચ્ચેટ શીવલાલ મુંબાઇમાં કાયદાનો અભ્યાસ કરતો હતો અને ન્હાનો ગોપાળ અમદાવાદની એક સ્કુલનો વિદ્યાર્થી હતો. સંધ્યા થઈ રહી હતી. ડેપ્યુટી સાહેબ તંબુની સ્હામે એક ઝાડની નીચે આરામ ખુર-શી નાંખી બેઠા હતા. જીલ્લાના કેટલાક જમીનદાર પણ હાજર હતા.

એક મુસલમાન મહાશયે કહ્યું:—હજૂર આજકલ તાલમેં ચીડીયાં ખૂબ હૈ શિકાર ખેલનેકા અચ્છા મૌકા હૈ.

બીજા મહાશય બોલ્યા:—સાહેબ, જે દિવસે જવાનું હોય તે દિવસ આપ હૂકમ કરશો જેથી મજુરોનો બંદોબસ્ત થાય. બે ત્રણ ગાડાંઓ પણ રાખવા પડશે.

હરિદાસ:—શું હજુ સુધી ત્હમે લોકો મજુરોને લઇજ રહ્યા છો ?

" જી હા એ શિવાય કામ શી રીતે ચાલે. પણ હવે મારપીઠ ઘણીજ કરવી પડે છે. "

એટલામાં મુખી મહાશય બોલી ઉઠયા:—મહેરબાન જ્યારથી ગામના મજુરો બસરામાં ગયા છે ત્યારથી કોઇનો મિજાજ નથી સમાતો. અરે, ભાઇસાબ વાત પણ સાંભળતા નથી. કહો હવે શું કરવું ?

હરિદાસ:—ત્હમે લોકો મજૂરી એ ઘણી ઓછી આપોછોને !

મુખી:—સાહેબ, પહેલાં રોજના ચાર પૈસાજ આપતા હતા, હવે તો આઠ આઠ આપીએ છીએ આઠ આઠ ! તોએ કોઇ માર ખાધા વગર વાને સાંભળતો નથી.

હરિદાસ:–વાહ બારપૈસાતો ત્હમે મજુરી આપોછો અને માગો છો આદમીને ગુલામ બનાવવા. શહેરમાં કોઇ મજુર આઠ આના કે બારઆના શિવાય મળતો જ નથી.

મુસલમાન મહાશયે કહ્યું:—હજૂર ખરૂં કહો છો. આઠ પૈસામાં એક ટંક પૂરૂં ખાઇ પણ શકાતું નથી. મગર અહીંની વસ્તીને સખ્તીની એવી આદતજ પડી ગઈ છે કે અમે ગમે તો આઠઆના આપીએ તોપણ વિના સખ્તીથી કોઇ કામજ કરતું નથી. હાં એતો બતાવો હજુરકે આજકાલ હવા ફરી ગઇ છે કે જ્યાં જુઓ ત્યાં મદ્રેસા બંધ થતા જાય છે. સાંભળ્યું છે કે મ્હોટી મ્હોટી કાલિજો પણ તુટી રહી છે. એથી તો તાલિમને ઘણું નુકશાન પહોંચશે.

હરિદાસને ખબર હતી કે કનૈયાલાલ ત્હેનો શું એ જવાબ આપશે. ત્હેના રાજનૈતિક વિચારોથી પરિચિત હતા. બન્ને આદમીયોમાં ઘણે ભાગે એ વિષયપર વાદવિવાદ ચાલ્યે જતો હતો. પણ ત્હેનો ઇરાદો આ જમીનદાર સ્હામે પોતાના સ્વાધીન વિચારો પ્રકટ કરવાનો ન્હોતો. કનૈયાલાલને બોલવાનો સમય ન દેતાં પોતેજ બોલ્યા, હું તો આ બાબતોને મૂર્ખાઈ જેવી સમજું છું. એ લોકો સમજે છે કે આવી કારાવાઇઓથી તે આપણી સરકારને પરાસ્ત કરી દેશે કેટલાક લોકો ગામડાઓમાં પંચાયતો સ્થાપવા ફરે છે. ત્હેની મતલબ પણ એવીજ છે કે સરકારી કોર્ટોની જડ કહાડી નાખવી, પણ કોઇએ એ ભલા માણસોને પૂછ્યું કે શું કાયદાની ગુંચવણીઓ આ ગામડીયાના હાથે ઉકલશે ? જે કાયદાનો અભ્યાસ કરવા અને સમજવાને માટે આખી

ઉમર મ્હાડવી પડે છે ત્હેનો વ્યવહાર આ બેલના ભાઈ હળખોદુ શું ખાઇને કરશે. શાસનની જડ પરંપરાથી સત્ય અને ન્યાયપર ટકી રહી છે અને જ્યાં સુધી શાસક લોકો એ મૂળતત્વને ભૂલે નહિ ત્યાં સુધી રાજ્યની અવનતિ થઇજ શકતી નથી. આપણી સરકારે સદૈવ એ આદર્શને પોતાની સ્હામેજ રાખ્યો છે. પ્રત્યેક જાતિને, પ્રત્યેક વ્યક્તિને એ રેખાતક કર્મ અને વચનની પૂર્ણ સ્વાધીનતા આપી છે કે જ્યાં સુધી ત્હેનાથી બીજાને નુકશાન ન થાય. એજ ન્યાય પ્રિયતાએ આપણી સરકારને અમર બનાવી છે. સરકારી નોકરી છોડી દેવાને માટે ભાર મૂકવામાં આવે છે. એ ઉદ્દેશ પૂર્ણ થવો એથી વધારે કઠિન છે. હું સમજું છું કે કર્મચારી લોકો મ્હોટી સંખ્યામાં એ નીતિપર ચાલે તો સરકારના કામમાં હરકત થઇ જાય પણ એવું થવુંજ અસંભવિત જણાય છે. કર્મચારીઓમાં સારા અને બૂરા બન્ને છે. જે બૂરા છે તે નોકરી કદિ નહિ છોડે એટલા માટે કે બેઇમાની અને લાંચના એવા અવસરો બીજે કોઇ સ્થાને મળી શકતા નથી. જે સારા છે તેના માટે તો અહિં જાતિસેવા અને ઉપકારનું મ્હોટું વિસ્તૃત ક્ષેત્ર છે. ત્હેને કોઇનાપર અન્યાય કરવાને માટે દબાણ કરવામાં નથી આવતું. સરકાર કોઇ છુપી અને પ્રજાઘાતક નીતિનો વ્યવહાર નથી કરતી. એવી દશામાં એ લોકો જૂદા નથી થઈ શકતા. નોકરીને ગુલામી કહીને નિન્દા કરવામાં આવે છે. પણ હું ત્યાં સુધી ત્હેને ગુલામી નથી માની શકતો કે જ્યાંસુધી આપણને આપણા ધર્મ અને આત્માની વિરૂદ્ધ ચાલવાપર અટકાવવામાં ન આવે. જમીનદારોએ આ વાત ધ્યાનપૂર્વક સાંભળી. અને એવું જણાતું હતું કે ડેપ્યુટી સાહેબના મતને દરેક મળતા છે. ડા કનૈયાલાલ એ યુક્તિઓનો પ્રતિવાદ કરવાને માટે અધિર થઇ રહ્યો હતો, પણ એટલા મનુષ્યોની સ્હામે મ્હોં ખોલવાનું સાહસ થતું નહોતું.

એટલામાં મજુરે ટપાલની થેલી લાવી ડેપ્યુટી સાહેબની આગળ મુકી દીધો. જોકે શહેર અહીંથી પંદર માઇલની લગભગ દૂર હતું પણ એક મજુર દરરોજ ટપાલ લેવાને માટે મોકલવામાં આવતો હતો. ડેપ્યુટી સાહેબે ઉત્સુકતાથી સાથે થેલી ખોલી તો તેમાં લાલપટીથી બાંધેલું એક સરકારી " કમ્યુનિક " (જાહેરનામું) નીકળી પડયું. ત્હેને ધ્યાનપૂર્વક વાંચવા લાગ્યા.

૪

અર્ધી રાત્રિ વીતી ચુકી હતી, કિન્તુ હરિદાસ હજુ સુધી પાંસાંઓ બદલી રહ્યા હતા. મેજપર લેમ્પ બળતો હતો. તે એ લાલપટીથી બાંધેલા પત્રને વારંવાર જોતા અને વિચારોના વમળમાં પડી જતા હતા. તે લાલપટી એને ન્યાય અને સત્યના ખૂનમાં રંગેલી જણાતી હતી. કોઇ ઘાતકની રક્તમય આંખો હતી જે તેની તરફ ઘુરકી રહી હતી, અથવા એક જ્વાળાશિખા જે તેની આત્મ અને અને સત્યજ્ઞાનને ગાળી દેવાને માટે ત્હેની તરફ લપકી ચાલો આવતી હતી. તે વિચારી રહ્યા હતા કે અત્યાર સુધી હું સમજતો હતો કે મ્હારૂં કર્તવ્ય ન્યાયપર ચાલે છે. હવે જણાયું કે આ મ્હારી ભૂલ હતી. મ્હારૂં કર્તવ્ય ન્યાયનું ગળું દાબી દેવાનું છે, નહિતો મ્હને આવો હૂકમ શામાટે મળતે ? વર્તમાનપત્રો વાંચવાં એ પણ શું ગુન્હો છે ? શું ગરીબ ખેડૂતોનું રક્ષણ કરવું તેમાં પાપ છે ? હું એવું નથી સમજતો. મ્હને એ સાધુ સન્યાસીઓપર સખ્ત નજર રાખવાનો હૂકમ આપવામાં આવ્યો છે જે ધર્મોપદેશ કરતા જણાય. એટલુંજ નહિ મ્હારે એ પણ જોવું જોઇએ કે કોણે ખાદીના બનેલા કપડાં પહેરેલા છે, કોના માથાપર કેવી ટોપી છે, એ ટોપીપર કેવી છાપ લાગી છે. રેંટીયા ચલાવનારાપર પણ ધ્યાન રાખવું જોઇએ.

મ્હારે એ લોકોના નામ પણ મ્હારી ડાયરીમાં નોટ કરી લેવાં જોઇએ જે રાષ્ટ્રીય પાઠશાળાઓ ખોલે, જે ગામડામાં પંચાયતો સ્થાપે, જે જનતાને નશાની ચીજો ત્યાગ કરવાનો ઉપદેશ કરે. આ હૂકમાનુસાર એ પણ રાજ્યદ્રોહી છે. લોકોમાં આરોગ્યના નિયમોનો પ્રચાર કરે, તાવ અને કોલેરાના પ્રકોપમાં જનતાનું રક્ષણ કરે, ત્હેને દવા મફત આપે. સારાંશ એ કે મ્હારે જાતિ સેવકોના, હિતેષિયોનો શત્રુ બનવું જોઇએ કારણ કે હું પણ શાસનનું એક અંગછું.

ત્હેણે ફરી એકવાર પાછું **લાલપટી** સ્હામે જોયું. વારૂ તો આ સ્થિતિમાં મ્હારૂં કર્તવ્ય શું છે ? પોતાની જાતિની સાથે રહું કે વિજાતિય સરકારની ? એ સમસ્યાનું કારણ એજ છે કે અમારી શાસક વિજાતિય છે અને ત્હેનો સ્વાર્થ પ્રજાના હિતથી ભિન્ન છે. તે પોતાની જાતિના સ્વાર્થ માટે, ગૌરવના માટે, વ્યાપારિક ઉન્નતિના માટે અહીંના લોકોને અનંત કાલ સુધી આ દશામાં રાખવા માગે છે, એટલાં માટે પ્રજાના રાષ્ટ્રિય ભાવોને જાગૃત થતા જોઈ એ ત્હેને દાબી દેવા તૈયાર થઈ જાય છે. ત્હેને આ સરળ વ્યવસ્થાઓ પણ વિપત્તિજનક જણાવા લાગે છે, જેને પ્રજા પોતાના આત્મ કલ્યાણ માટે કરે છે. નહિ તો શું મદ્ય ત્યાગનો ઉપદેશ પણ સરકારની આંખોમાં ખટકે ? શાસનનો મુખ્ય ધર્મ છે પ્રજાનું રક્ષણ, ન્યાય અને શાન્તિનું વિધાન હજુ સુધી હું સમજતો હતો કે સરકાર એ કર્તવ્યને સર્વોપરી સમજે છે, એથી હું ત્હેનો ભક્ત હતો. જ્યારે સરકાર પોતાના ધર્મપથથી હઠી જાય છે તો મ્હારો ધર્મ પણ એજ છે કે ત્હેનો સાથ છોડી દઉં. પોતાના સ્વાર્થના માટે દેશનો દ્રોહી તો નહિજ બનું. સરકાર સાથે

મ્હારે થોડા દિવસનો સંબંધ છે.' અને દેશ સાથે તો જીવનભરનો. શું આ અસ્થાયી અધિકારના મદમાં પોતાના સ્થાયી સબંધને ભૂલી જાઉં ? આ અધિકારના માટે હવે મ્હારે દેશનો દુશ્મન બનવું પડશે. શું દેશને પોતાના સ્વાર્થ પર કુરબાન કરી દઉં. એક તો એ છે કે જે દેશની સેવા યજ્ઞવેદી પર આત્મ સમર્પણ કરે છે, ત્હેના માટે ન્હાના પ્રકારનાં કષ્ટો સહન કરે છે. એક હું અભાગી છું જેનું કામ છે કે એ દેશસેવકોની જાનનો ગ્રાહક બનું. પણ એ સબંધને તોડી નાંખું તો નિર્વાહ શી રીતે થાય ? જે બાળકોને અત્યાર સુધી સર્વ સુખો પ્રાપ્ત હતાં ત્હેને હવે દરિદ્રતાનો શિકાર બનવું પડશે. જે પરિવારનું પાલનપોષણ અત્યાર સુધી અમીર ઉમરાવની માફક થતું હતું તેને હવે રડી રડીને દિવસ કાઢવા પડશે. ઘરની માલમિલ્કત મ્હારી કેળવણીને ભેટ ચ્હડી ચુકી છે, નહિ તો કંઈક ખેતીવાડીજ કરીને ગુજારો કરત. એ તો મ્હારો બાપીકો ધંધો હતો. કેવું સંતોષમય જીવન હતું, પોતાના પરસેવાની કમાણી ખાતા હતા અને સુખની નિંદ્રામાં સૂતા હતા. આ શિક્ષણે તો મ્હને નારાજ કરી દીધો વિલાસનો દાસ બનાવી દીધો. અનાવશ્યક આવશ્યકતાઓનો બેડી પગોમાં નાખી દીધી. હવે એ પુરાણા જીવનની કલ્પના ભાવ માત્રથી પ્રાણ સુકાઇ જાય છે. પણ હવે તે ભૂતકાળનાં સુખો સંભારીને મ્હારે શું કરવા છે ? વર્તમાનનું દુઃખ પાર કરી, ભવિષ્યની ચિન્તાઓને કેમ ટાળવી એજ વિચાર કરવાનો છે.

અહા ! હૃદયમાં કેવી કેવી અભિલાશાઓ હતી. કેવા કેવા મનમોહક ખાતો હતો. કનૈયાલાલ વિલાયત જઇ મેડિકલ જ્ઞાન મેળવવાનાં સ્વપ્નો જોઇ રહ્યો છે. શીવલાલ અત્યારથી સિવિલ સર્વિસની તૈયારી કરી રહ્યો છે. એ બધાના મનસુબા કેમ પૂરા થશે. છોકરાને

ખેર છોડી પણ દઉં તો તે ગમે તેવી રીતે ફાડી લેશે, પણ પુત્રીઓને શું કરૂં, ધાર્યું હતું કે ત્હેનાં લગ્ન ઉચ્ચ કુળમાં કરી જાતિ ભેદ તોડી નાંખીશ, એ મનોકામના પણ પૂરી થાય તેમ નથી જણાતું. ક્યાંક બીજે ઠેકાણે નોકરીની તપાસ કરૂં પણ ત્યાં આટલો પગાર ક્યાંથી મળે. કોઈ રજવાડામાં પહોંચવું કઠિન છે. સરકારની અવજ્ઞા કરવાવાળાને આસ્માન જમીનમાંએ ઠેકાણું નથી. પરમાત્મા તુંજ બતાવ કે હવે હું શું કરૂં?

એજ ચિન્તાઓમાં પડયાં પડયાં નિંદ્રા આવી ગઇ.

૫

એક સપ્તાહ વીતી ગયું પણ હરિદાસ હજુસુધી વિદ્યામાંજ પડયા હતા. તે ઘણેભાગે ઉદાસ અને ખિન્ન રહેતા હતા. કોર્ટમાં બહુ થોડાજ આવતા હતા અને આવતા પણ તે મુકદમાની તારીખ મુલ્તવીને પાછા જતા હતા. પુત્ર પુત્રીઓ સાથે પણ થોડી વાતચિત કરતા, વાતવાતપર છેડાઇ જતા, અને કંઇક સ્વભાવે ચિડીયો થઇ ગયો હતો. ત્હેણે પત્નિ ને આ બાબતની વાત કરી પણ તે રાજી નામું આપવા માટે સહમત ન થઇ. તેનામાં ન્યાયનું એ જ્ઞાન ન્હોતું જે હરિદાસના હૃદયને વ્યચિત કરી રહ્યું હતું. પુત્રોને આ વિષયમાં કંઇ કહેવાનું સાહસ ત્હેનાથી થઇ શક્તું ન્હોતું. તે બ્હીતા હતા કે પુત્રો નિરાશ, નિરૂત્સાહ થઇ જશે. આ વિષયમાંનો હવે ત્હેને કશો સદેહ ન્હોતો કે સરકારે સત્પથતને ત્યાગી દીધો અને ત્હેની નોકરીથી મ્હારો ઉદ્ધાર થઇ શકે તેમ નથી. પણ સાંસારિક ચિન્તાઓ ગળાની જંજીર બની હતી. કોઈ એવો હુનર કોઇ એવો ઉદ્યમ ન્હોતા જાણતા કે જેપર ત્હેને વિશ્વાસ હોય, એટલે સુધી કે સાધારણ ક્રય વિક્રય પણ ત્હેના માટે દુ:ખદાયક હતો. તે પોતાને આ નોકરી સિવાય

બીજા કોઇ કામને યોગ્ય જોતા ન્હોતા, અને ન હવે એટલું સામર્થ્ય હતું કે કોઈ નવો ઉદ્યમ શીખી શકે. સ્વાર્થ અને કર્તવ્યની ગુંચવણમાં ત્હેની અત્યંત દયાજનક સ્થિતિ થઇ રહી હતી.

૬

આઠમે દિવસે ત્હેને ખબર મળી કે આ જીલ્લામાં કેફી વસ્તુઓનો નિષેધ કરવાને માટે ખેડુતોની એક સભા મળવાની છે. ઉપદેશો થશે, ભજનો ગવાશે, અને લોકોને દારૂ ન પીવાની પ્રતિજ્ઞાઓ લેવરાવામાં આવશે. હરિદાસને ખાત્રી હતી કે નશનાં વ્યસનોથી દેશની પાયમાલી થતી જાય છે, એટલે સુધીકે નીચી જાતિના મનુષ્યોને તો પોતાનાં ગુલામ બનાવી દીધાં છે, એથી ત્હેનો બહિષ્કાર સર્વથા સ્તુત્ય છે. પહેલાં એક વાર તે આબકારીખાતામાં રહી ચુક્યા હતા, અને તેના સમયમાં આ ખાતાની આમદાની ઘણી વધી ગઇ હતી. એ સમયે આ પ્રશ્નને અધિકારીઓની આંખેથી જોતા હતા. ટેમ્પરન્સના ઉપદેશકોને સરકારના વિરોધી સમજતા હતા. પણ આ લાલપટીવાળા આજ્ઞાપત્રે ત્હેની કાયા બદલી નાંખી હતી. સરકારી પ્રજાહિત નીતિપર ત્હેને લેશ માત્ર થવા વિશ્વાસ રહ્યો ન્હોતો. એ હુકમાનુસાર ત્હેનું કર્તવ્ય હતું કે જઇ એ સભાની કાર્યવાહીને જુએ અને જો ત્હેના ત્યાગને માટે કોઇની સાથે જબરજસ્તી યા તિરસ્કાર કરતા જુઓ તો તુર્તજ ત્હેને અટકાવી દેવા. મનુષ્યોચિત અને પદોચિત કર્તવ્યોમાં ઘોર સંગ્રામ થઇ રહ્યું રતું. એની વચ્ચમાં જમાદાર કેટલાક હથિયારબંધ કોન્સ્ટેબલો અને પોલિસોની સાથે આવી પહોંચ્યો અને સલામ કરવાને માટે હાજર થયો. હરિદાસ ત્હેનો ચ્હેરો જોતાંજ લાલ થઇ ગયા જેવી ધાસમાં આગલાગી જાય.-કડોર સ્વરથી બોલ્યાઃ—ત્હમે કયાંથી આવ્યા ?

જમાદાર—આપને આ સભાની ખબર તો મળીજ હશે. ત્યાં ટટો ફિસાદ થવાની બ્હીક છે. એથી સાહેબની હજુરમાં હાજર થયો છું.

હરિદાસ:—મ્હને ત્હેનો કશો ભય નથી. પણ હા ત્હમારા ત્યાં જવાથી ઝઘડો જરૂર થશે.

જમાદારે વિસ્મિત થઇને કહ્યું "મ્હારા જવાથી?"

હરિદાસ:—હા આપના જવાથી. પ્રજાને આપસમાં લડાવી ત્હમે ત્હમારૂં ઉલ્લુ સીધ્ધું કરો છો. હું ત્હમારા બાવડાંથી ખુબ માહિતગાર છું. ત્હમારે મ્હારી સાથે આવવાની કશી જરૂર નથી.

જમાદાર:—સુપરિટેન્ડેન્ટ સાહેબ બહાદુરનો સખ્ત હુકમ છે. કે કે એ મૌકાપર હજુરની સેવામાં હાજર રહેવું.

હરિદાસ:—તો શું ત્હમે મ્હને નજરકેદ કરવા આવ્યા છો?

જમાદારે ભયભીત થઇને કહ્યું, સાહેબ આપની સેવામાં રજુથવાનો

હરિદાસ:—હું તમારા સાહેબનો ગુલામ નથી.

જમાદારે:—તો મ્હારા માટે શું ઓર્ડર થાય છે?

હરિદાસ:—જઇને ત્હમારા સાફાને બાળીનાંખો અને ડ્રેસને ફાડી તોડી ફેંકી નાંખો અને આ ગુલામીની જંજીર ત્હમારી કમરમાં છે. અને જેને ત્હમે હકુમતનું નિશાન સમજો છો તે તોડી બસ આઝાદ થઇ જાઓ. સરકારી હુકમોને બહુ ઉઠાવી ચુક્યા ઘણું માન આપ્યું ધાડ અને ચોરીની ખૂબ તપાસો કરી અને હરામનો માલ ખુબ એકત્ર કર્યો છે. હવે કેટલાક દિવસો ઘેર જઇને બેસો અને એ બધાં પાપોનું પ્રાયશ્ચીત કરી નાંખો. પ્રજાના જાનમાલનું રક્ષણ કરવાનો બોજ કહાડી ત્હેને ભુલાવામાં ન નાંખો. આ ખેડુતોની મીટીંગ છે, ચોર લુટારાઓનું ટોળું જમા નથી થતું. બધા એક ઠેકાણે બેસી દુર્વ્યસ-

નોને બંધ કરવાના ઉપાયો શોધેછે. ત્હમારે મારી સાથે આવવાની બિલકુલ જરૂર નથી.

હરિદાસનું મુખમંડળ વિમળ ક્રોધથી ઉત્તેજીત થઇ રહ્યું હતું અને આંખોમાંથી એક મહાન્ જ્યોતિ નીકળી રહી હતી. જમાદાર-પર રૂવાબ છવાઈ ગયો, અને તે વિચારમાં પડી ગયો કે કાંતો રાય-સાહેબે આજે શરાબ પીધો લાગે છે અથવા ત્હેની પર કોઈ સબ-લાની નજર પડી હશે ગમે તેમ હોય પણ આ વખત વિચારો સીધો થાણામાં ચાલ્યો ગયો. આ શબ્દો હરિદાસના અંતઃકરણના ઉંડાણમાંથી નીકળ્યા હતા, અને એ ત્હેનાં અંતિમ નિશ્ચયની ઘોષણા હતી. જમાદારે આમ પીઠ ફેરવી અહીં તેણે પોતાનું રાજીનામું લખવું શરૂ કર્યું.

મહેરબાન ! મ્હેને આશા છે કે શાસન સંસ્થા ઇશ્વરી ઇચ્છાનું બાહ્ય સ્વરૂપ છે અને ત્હેના નિયમો પણ ઈશ્વરી નિયમોની સમાન દયા, સત્ય અને ન્યાયપર અવલંબિત છે. મ્હે વિશ્વાસને આધિન થઇ વીશ વર્ષ સુધી સરકારની સેવા કરી. જ્યારે કદિ મ્હારા આત્મિક આદેશ અને સરકારી હુકમમાં વિરોધ પડયો હશે ત્યારે મ્હે યથા સાંધ્ય આત્માનો આદેશજ પાળ્યો છે. પોતાને કદિ પ્રજાનો સ્વામી નથી સમજતો, પણ હમ્મેશાં સેવક સમજતો રહ્યો છું. એથી સરકારી પત્ર નં—તારીખે—જે હુકમ આપવામાં આવ્યો છે તે મ્હારા આત્મા અને ધર્મથી વિરૂધ છે અને તેમાં ન્યાયનું એવું ખૂન કરવામાં આવ્યું છે કે હું ત્હેને પાલન કરવામાં ઘોર પાપ સમજું છું. મ્હારા વિચારરાં **વર્તમાન શાસન સત્યપથથી સંપુર્ણતઃ વિચલિત થઇ ગયું છે. તે આજ્ઞા પ્રજાના જન્મસિધ્ધ હકકોને લુંટવા અને ત્હેના રાષ્ટ્રિય ભાવોનો વધ કરવા માગે છે.** એનાં પ્રત્યક્ષ પ્રમાણો

કે શાસક વૃન્દ પ્રજાને અનંતકાળ સુધી મૂર્ખતાં અને અજ્ઞાનમાં પૂરી રાખવા માગે છે અને તેની જાગૃતીથી ચમકે છે. તે પોતાના ઉત્થાન અને સુધારાને માટે જે પ્રયત્નો કરવા મ્હાએ છે ત્હેને પણ ખરાબ સમજે છે. એવા સાશનમાં, એવા દુષ્કાર્યમાં સાથ દેવોએ પોતાના આત્મા, વિવેક અને જાતિયતાનું ખુન કરવાનું છે. એથી હવે મ્હારે આ સંસ્થા સાથે અસહકાર કરવા શિવાય બીજો કોઇ ઉપાય નથી. હું મ્હારા પદનો ત્યાગ કરૂં છું અને વિનતી કરૂં છું કે મ્હને તાકીદે આ બંધનથી મુક્ત કરવામાં આવશે.

૭

હરિદાસ જાણતા હતા કે રાજીનામું મંજુર થવાને કેટલીક્વાર લાગશે પણ બીજેજ દિવસે તારદ્વારા ત્હેની મંજુરી આવી ગઇ. ત્હેની જગાએ એક સાહેબ નીમાઇ પણ ગયા. હરિદાસે ઘણી ખુશીથી ચાર્જ આપ્યો કિન્તુ સંધ્યા થતાં થતાં ત્હેની એ ખુશી ગુમ થઇ ગઇ અને એક પછી એક ચિન્તાઓએ આવી ત્હેના મગજને ઘેરી લીધું બજારના સેંકડો રૂપિયા બાકી હતા, નોકરોનો પગાર પણ લેણો નીકળતો હતો, બંગલાનું ભાડું ૭ મહિનાથી આપ્યું ન્હોતું, કંદોઇઓ અને મોદીઓનો હિસાબ કિતાબ ચુકવવો હતો, દૂધવાળા ફેરાખાતા હતા. અહીં ઓફિસમાં બેસી ચાર્જ આપી રહ્યા હતા, ત્યાં બંગલાના બારણાપર લેણદારોની ભીડ થઇ હતી. તે ચાર્જ આપી પાછા ફર્યા ત્યાં આ સમૂહ જોઇ ત્હેનું દિલ બેશી ગયું. આમતો સગવડ પ્રમાણે તે કેટલાક રોકડા અને કેટલાક બાકી રાખી ધાટ ચલાવ્યે જતાં હતા, પણ આ વખતે તો જ્યારે ચડેલા અને બાકી બન્ને ચુકવવાથી રકમ એટલી વધી વધી જતી હતી કે જેવી સાફ છોબંધને હઠાવી દેવાથી નીચે કચરાનો એક ઢગલો દેખાવા લાગે છે. ત્હેને હજુ અ-

ત્યાર સુધી ખબર ન્હોતી કે હું આટલા રૂપિયાનો દેણદારછું. સેવિંગ એંકની તમામ બચત આ છુટક હિસાબ ચુકવવામાં સમાપ્ત થઇ ગઇ હવે ઘોડા, ટમટમ વિગેરેની પણ જરૂર ન્હોતી. ત્હેને હરરાજ કરીને હાથપર કેકલાક રૂપિયા મેળવવા ઇચ્છતા હતા. બીજા દિવસે સ્હવારે જ્યારે એ ચીજો હરરાજ થવા લાગી ત્યારે તે જોઇ હૃદય-વિદારક દૃશ્ય સહન કરી શક્યા નહિ. ઉદાશ થઇ ઘરમાં ગયા તે વખતે ત્હેનાં નયનો અશ્રુપૂર્ણ હતાં. સુમિત્રા ત્હેને દુ:ખિત જોઇ સહૃદયતાપૂર્ણ-ભાવથી કહેવા લાગી:–ખાલી આમ હૃદયને શામાટે બાળો છે. બસ, મન મોકળું મૂકીદો શોક કરવા જેવી કશો બાબત નથી, આતો ખુશીની વાત છે કે જે કામ કરવામાં અધમ હતો ત્હેનાથી પલ્લો છુટયો. હવે ત્હમને કોઇનાપર અન્યાય કરવાને માટે કોઇ દબાણતો નહિ કરે ? જો સત્ય નિષ્ઠાથી આ કાર્ય કરતાં હશું તો પરમાત્મા જરૂર સહાય થશે. અને આપણા જીવનની આ તોફાને ચ્હેલી નૉકાને તારશે. તે સર્વના બેલી છે. “ કીડીને કણ અને હાથીને મણ સર્વદા આપે છે. ” ભૂખ્યા ઉઠાડે ૫ણ સુવાડતો નથી. અમલ આજ છે ને કાલે નથી કારણકે જે સ્થિર નથી છતાં પણ જેથી પોતાના દેશબંધુઓના હિતની આડે આવી ત્હેનો દ્રોહ કરવા-ના માટે જો તે અમલ વપરાતો હોયતો જરૂર ત્હેનો ત્યાગ કરી હજારો દુ:ખો સહન કરવામાં વાંધો નથી. વળી પોતાના દેશબાન્ધ-વોપર અન્યાય કર્યો હોત તો ત્હેનો દોષ આપણાંજ બાળબચ્ચાંઓપર ઉતરતે. પરમાત્માએ કંઇક સારૂં કરવાનુંજ ધાર્યું હશે અને તેથી ત્હેણે ત્હમારા હૃદયમાં આ ત્યાગભાવના રેડી.

આ વાતોથી હરિદાસને કંઇ શાન્તિ મળી. સુમિત્રા પહેલાંતો રાજીનામુ આપવાપર રાજી ન્હોતી પણ પતિને માનસિક કષ્ટોથી નિ-

ગૃત કરવાની ઇચ્છા એ ત્હેના ધૈર્ય અને સંતોષને જાગૃત કરી દીધાં હતાં.

હરિદાસે સુમિત્રાની તરફ શ્રદ્ધાભાવથી જોઇને કહ્યું:-જાણે છે કે કેટલીક મુસીબતો ઉઠાવી પડશે.?

સુમિત્રાઃ—મુસીબતોથી શું ડરવું. ધર્મ રક્ષણના માટે મનુષ્ય દરેક બાબતો સહન કરી લે છે આપણે પણ આખરે પ્રભુ દરબારમાં તો જવું છે ને ! ત્યાં જઇ શું મ્હોં બતાવશું.

હરિદાસઃ—શું કહું મ્હને તો આ વૈજ્ઞાનિક શિક્ષણે કોઈ સ્થાનનો ન રાખ્યો. પ્રભુપર શ્રદ્ધાજ રહી નહિ. જોકે મ્હેં એજ ભાવોથી પ્રેરિત થઇ રાજીનામુ આપ્યું છે પણ મ્હારામાં એ સજીવ અને ચૈતન્ય ભક્તિ નથી. મ્હને ચારે તરફ અંધકારજ અંધકાર દેખાય છે. છોકરા હજુ સુધી સંભાળી લેવા પોતે પોતાનું ઉપાડી લેવાને લાયક થયા નથી. કનૈયાલાલ વર્ષેક વધારે ભણાવી શકયો હોત તો ઘર સંભાળી લેત તે શિવલાલને હજુ ત્રણ વર્ષ સુધી સંભાળવાની જરૂર છે અને બિચારો ગોપાળતો હજુ કશી ગણત્રીમાંજ નથી. હવે તે બિચારો હલકજ રહી જશે. સમજ નથી પડતી કે શું કરવું.

સુમિત્રાઃ—અગર ત્હેને ઇશ્વરે બુદ્ધિ આપી હશે તો તે ત્હમને પોતાના પિતા સમજવાને બદલે દેવતા સમજવા લાગશે.

૮

રાત્રિનો સમય હતો. કનૈયાલાલ અને ત્હેના બન્ને ભાઇ બેઠા બેઠા વાર્તાલાપ કરી રહ્યા હતા.

કનૈયાલાલે કહ્યું:—આજકાલ બાપુની દશા જોઈ મન થાય છે કે ગૃહસ્થીની જંજાળમાં ન પડવું. કાલે રાજીનામું મંજૂર થયું છે ત્યારથી ત્હેનો ચ્હેરો ઉદાસ થઇ ગયો છે કે જોઇને દયા આવે છે.

કેટલીએવારે મરજી થઈ કે જઇને હેને હિમ્મત આપું પણ હેની રહામે જતાં સ્વંય મ્હારી આંખો અશ્રુપૂર્ણ થઇ જાય છે. આખર આપણી સૌની ચિન્તા હેને સતાવી રહી છેને ? નહિતો હેને પોતાની એટલી શો ફિકર પડી છે ? ગમે તો કોઈ સ્કૂલ અગર કોલેજમાં અધ્યાપક થઇ શકે છે દર્શન અને અર્થશાસ્ત્રમાં તે ઘણા કુશળ છે.

શિવલાલઃ—ભાઇ આપે મેડિકલ કોલેજમાંથી આપનું નામ નાહક કમી કરી નખાવ્યું. એ વિભાગ તો ખરાબ ન્હોતો. આપ સરકારી નોકરી ન કરતાં, ઘેર બેસીને કામ કરતા તો તેમાં શી હરકત હતી ? બાપુને પણ ન પૂછ્યું. તે સાંભળશે તો હેને ઘણોજ શોક થશે.

કનૈયાલાલઃ—એટલા માટે તો મ્હે હજુ સુધી હેને કહ્યું નથી. અને પછી ટાઇમ પણ ન મળ્યો, ડોકટરીનો વિભાગ ગમે એટલો સરસ હોય પણ મ્હે આજે જે સંકલ્પ કરી લીધો છે તેપર સ્થિર છું. શું હમે કંઇ સહાયતા કરી શકશો ?

ગોપાળઃ—એ મ્હોટાભાઈ ! આમતો જુઓ આપણા ઘોડા તબેલામાંથી નીકળ્યા. હવે કાલથી બીજા કોચમીનને પાને પડશે, મારતાં મારતાં હેં બિચારાનો દમ કહાડી નાંખશે. અરે ! પેલી ટૂટેલી ટમટમ જુઓ એ પણ સટરપટર કરતી ચાલી, જ્યારે બાપાએ એ નવી લીધો ત્યારે બંદાતો એનાપરજ સ્હેલ કરતા હતા.

શિવલાલઃ—હું તો પરિક્ષાની પહેલા કદાચ આપની કંઇ સહાયતા કરી શકું તેમ જણાતું નથી. ત્યારબાદ જે કામ મ્હને બતાવશો તે ખુશોથી કરીશ.

કનૈયાલાલઃ—એમ. એ. પર હમને એટલો બધો પ્રેમ શાથી છે ?

ગોપાળઃ—એમ. એ. નો અર્થ છે " માસ્ટર ઑફ એસ.

શિવલાલ:—આ મ્હારી ઘણી જૂની અભિલાષા છે અને હવે લક્ષ્યની આટલું સમીપ આવી મ્હારીથી પાછળ નથી હઠી શકાતું.

કનૈયાલાલ:—આપના નામની પાછળ એમ. એ., એલ. એલ. બી. નું પૂછડું લગાડયા શિવાય નહિ માનો ?

શિવલાલ:—(ચીડાઇ) કોઇ બીજો પણ માને છે કે હુંજ માનું. બધાતો એ ઉપાધીઓપર જાન દે છે, અને કેમ ન આપે. સમાજમાં ત્હેનું સન્માન કેટલું છે. હજુ સુધી કદાચજ કોઇ એવો મનુષ્ય હશે જેણે પોતાની ડીગ્રીઓ છોડી દીધી હોય. એ લોકો પણ જે અસહકારના નેતા અને સ્તંભો બને છે તે પોતાના નામની સાથે પૂછડાં લગાડવામાં કશી હરકત નથી સમજતા, એટલુંજ નહિ બલ્કે તેપર ગર્વ કરે છે. આપની રાષ્ટ્રીય કોલેજોમાં પણ એજ ડિગ્રીઓની માગણી હોય છે. ચારિત્ર્યને કોઇ પૂછતું પણ નથી જ્યારે આપણે એ કસોટીપર પરખાઇ જઇએ છીએ. તો મ્હારા ઉપાધી પ્રેમપર કોઇને હસવાનું કંઈ કારણ નથી.

કનૈયાલાલ:—તું તો નારાજ થઇ ગયો. મ્હારો આક્ષેપ ત્હારી પર નથી બલ્કે સર્વ ઉપાધીઓપર છે. જે અસહકારી લોકો હજુ સુધી ઉપાધીઓપર જાન દઈ રહ્યા છે તો એથી આ પ્રશ્નનું દૂષણ ઓછું નથી થતું એ ત્હેના માટે એથી પણ નિન્દ્ય છે. પણ હા, હવે હવા બદલાઇ રહી છે, આશા છે કે થોડા દિવસોમાં એ પ્રથા નીકળી જશે. તું એક વર્ષ મ્હારી સહાયતા કરવાનું વચન આપે છે ? એટલા દિવસ સુધી એક વર્તમાનપત્રનો બોજો હું એકલો શી રીતે ઉઠાવી શકીશ.

શિવ—પહેલાં એતો બતાવો કે આપ કઈ નીતિપર જવા

માગો છો ? અગર આપ પણ એજ નીતિ ગ્રહણ કરશો કે જે બીજા પત્રોની છે તો પછી જૂદું પત્ર કહાડવાની શી જરૂર છે ?

ગોપાળઃ—અરે ભલાભાઈ ! ત્હમે બધા મ્હોટાઓ તો મ્હોટી મ્હોટી વાતો કરો છો મ્હને ન્હાનાને તો કોઈ પૂછતાં એ નથી. શું ન્હાનાને પ્રભુએ ખાલી પેદા કર્યા હશે કે દેશને ત્હેની જરૂર નથી, હું એ પણ સ્કૂલ છોડવા તૈયાર થયો છું.

કનૈયાલાલઃ—તું મ્હારા કાર્યાલયનો લેખક બની જજે.

શિવલાલઃ—તું શામાટે વચ્ચે બોલી ઉઠે છે. વારૂ ભાઇ, આપે કઇ નીતિ ગ્રહણ કરવાનો નિશ્ચય કર્યો છે ?

ગોપાળઃ—લ્યો ભાઇ સાહેબ એમ. એ. થવાના છે એટલે હવે મિજાજ પણ સાતમા આસ્માનપર ચ્હડતો જાય છે. પણ ભાઇ ધીમા રહો ઉતાવળે આંબા પાકતા નથી.

કનૈયાલાલ.—મ્હારી નીતિ હશે સરલ કિન્તુ વિવેકશાલ જીવનનો પ્રચાર. હું વિલાસિતા અને નકલી દેખાવોની જડ કહાડવાનો પ્રયત્ન કરીશ. આપણે જે આંખો બંધ કરી ગાડરીયા પ્રવાહની માફક પશ્ચિમ જીવનની નકલ કરો રહ્યા છીએ. પૈસાને આપણે ઉચ્ચ સ્થાન આપી દીધું છે. આપણી કુલિનતા, સન્માન, ગૌરવ, પ્રતિભા, એ સર્વ પૈસાને આધિન થઇ ગયાં છે, આપણે આપણા પુર્વજોના સંતોષ, અને સંયમ અને ત્યાગને બિલકુલ ભૂલી ગયા છીએ, જ્યાં જુઓ ત્યાં ધનવાનો, સાહુકારો, અને જમીનદારોની વિજય પતાકાઓ ફરકી રહી છે, અનાથ, દિન, દુઃખીનો કોઇ ભાવ પણ પુછતું નથી, તે બાપડા આખો દિવસ ખરા પરસેવાથી લોહીનું પાણી કરી મજૂરી કરે છે અને નફો કોઇ ઉડાવે છે. ત્હેના ન્હાનાં કુમળાં બાળકો દૂધ વિના કે મુઠ્ઠી અન્ન વિનાં ભૂખ્યાં ટળવળે છે અને ત્હેના માબા-

પોની મજુરીથી ધનવાનોનાં બાળકો ફુલ શૈયામાંથી ઉઠે છે અને ફુલ શૈયામાં પોઢે છે. દિવસ છે કે રાત્રિ ત્હેનું લેશ પણ ભાન હોતું નથી. એથી હું દીન રક્ષાને મ્હારો આદર્શ બતાવીશ. જો કે આ વિચારો નવા નથી, કદિ કોઇ પત્રોમાં એપર ટિકાઓ કરવામાં આવે છે, કિન્તુ હજુ સુધી મ્હોટા મ્હોટા વિદ્વાનોની નકલ છે. આ ટિપણીઓ કેવળ મનોરંજનના માટે લેવામાં આવે છે, એના લીધે ત્હેની કોઇપર અસર નથી પડતી. ત્હારૂં જીવન આ સિદ્ધાંતને ચરિતાર્થ કરશે. એ વિચારો વર્ષોથી મ્હારા મનમાં ઉછળી રહ્યા છે. હવે તે તરંગો બહાર નીકળીને ધનલોલુપતા અને ઇન્દ્રિયલિપ્સાની દિવાલો સાથે અથડાશે. હું તમને ખરૂં કહું છું ધનનું આ માન જોઇ જોઇને કદિ કદિ મ્હારૂં લોહી ઉકળી ઉઠે છે વિદ્વાનો અને ગુણવાનોની ઇજ્જત ઉઠી ગઇ. એક સમય હતો કે મ્હોટા મ્હોટા સમ્રાટ જ્ઞાનિઓની સ્હામે મસ્તક નમાવતા હતા. આજ કાલતો ધાર્મિક સંસ્થાઓ પણ ધનવાનોના મ્હોં તરફ જોઈ રહે છે. આપણા સાધુ મહાત્મા, કે ઉપદેશકો ગામડામાં ભૂલે ચુકે પણ નથી જતા. તે ઉંચા ઉંચા સુશોભિત હોલમાં વ્યાખ્યાનો આપે છે, મોટરોપર હવા ખાય અને સુંદર મહેલોમાં વસે છે. શોકનો વિષય છે કે વિદ્વજ્જન પણ આ ધનદેવના પુજારી છે. જેને સંતોષ અને સરલતાનો નમૂનો થવું જોઈતું હતું તે પણ પોતાની વિદ્યા અને યોગ્યતાને મોતીઓના ભાવથી વેચે છે. ધનલાલચાએ ત્હેને પણ ભક્ષી લીધા, ત્યાગનો તો લોપજ થઈ ગયો.

શિવલાલ.—આપના વિચારો તો સામ્યવાદીઓના જેવા છે. શું આપને જણાતું નથી કે તે લોકો વિદ્વાનોને પોતાના સમાજમાં કેવું સ્થાન આપે છે ?

કનૈયાલાલઃ—બરોબર જાણું છું, એ વિદ્વાનો એજ વર્તનને યોગ્ય છે. જે પ્રકારે જમીનવાળા પોતાની જમીનની, વ્યાપારી પોતાના વ્યાપારને ભોગ વિલાસનું સાધન બનાવે છે એ પ્રકારે વિદ્વાન લોકો પણ વિદ્યા અને સિદ્ધને ઇન્દ્રિયોના સુખપર બલિદાન કરે છે. એવી દશામાં ત્હેને જો શ્રીમાનો અને રાજાઓની હારમાં ગણુવામાં આવે છે તો તેમાં કશો અન્યાય નથી.

એટલામાં એક સુંદર બાલિકા ઓરડામાં આવી. એ હરિદાસ-ની ન્હાની પુત્રી અનસૂયા હતી. પુત્રી કન્યાશાળામાં ભણુતી હતી. ગોપાળે કહ્યું, આવ અનસૂયા આવ, આ બન્ને મહાશયો તો મ્હોટી મ્હોટી વાતો કરી રહ્યા છે, આપણે બન્ને પણ આપણા જીવનના ન્હાના ન્હાનાં મનસૂબા બાંધીએ. મ્હેં તો ખેતી કરવાનો વિચાર કર્યો છે.

અનસૂયાઃ—હું ત્હમારી ગાય દોહીશ, દહી જમાવીશ, છાશ કરી ઘી ક્હાડીશ.

ગોપાલઃ—અને રેંટીયો ?

અનસૂયાઃ—ભાઈ રેંટીયો મ્હારાથી નહિ ચાલે, એ તો ડોશી-ઓનું કામ છે.

ગોપાળઃ—વાહ, એ રેંટીયાતો આખા દેશનો આધાર છે. આપણા દેશમાં શીત્તેર કરોડનું કાપડ હરસાલ વિલાયતથી આવે છે. કદાચ દશ કરોડનું કાપડ ઇટલી, જપાન, ફ્રેન્ચ વિગેરે દેશોમાંથી આવતું હશે. આપણે બન્ને અને સરલા પાંચ પાંચ રૂપિયાભાર સુતર રોજ કાંતીએ અને એક વર્ષમાં ત્રણસો દિવસ કામ કરીએ તો ત્રણ મણ સુતર કાંતી શકીએ. ત્રણમણ સૂતરમાંથી કમમાં કમ સો જોડા ધોતીયા તૈયાર થશે અગર એક જોડાની કીમત માત્ર ચાર રૂપિયા

રાખીએ તો આપણે વર્ષભરમાં ચારસો રૂપિયાના ધોતીયાં બનાવી લેશું. વળીતો હું પોતે લઇશ. આ ત્રણ માણસોના સાધારણ પરિશ્રમનું ફળ છે. જો ત્રીશ કરોડની આબાદીમાં કેવળ પચ્ચાશ લાખ મનુષ્યો આ કામ કરવા લાગે તો આપણાં દેશનો એંશીલાખ રૂપિયાનો બચાવ થઇ જશે. અગર એક કરોડ મનુષ્ય આ ધંધામાં લાગી જાય તો આપણે કપડાને માટે અન્ય દેશોને એક પૈસો પણ દેવો ન પડે.

કનૈયાલાલઃ—(હિસાબ ગણી) દોસ્ત ત્હેંતો ખૂબ હિસાબ કહાડયો. આટલા મહત્વપૂર્ણ કામના માટે કુલ પચ્ચાશલાખ મનુષ્યોની આવશ્યકતા છે ? મ્હેં આજસુધી આવું અનુમાનજ બાંધ્યું ન્હોતું કે આટલા થોડા મનુષ્યોની મહેનત આપણી આવશ્યકતાઓ પરી કરી શકે છે. ચાલો હુંપણ તમારી મદદ કરીશ. મ્હારા પત્રમાં ઘરગતુઉદ્યોગ ધંધાનો ખૂબ પ્રચાર કરીશ.

શિવલાલઃ—આપના અને મ્હારા આદર્શ વચ્ચે ઘણો અંતર છે. મ્હારો મત એવો છે કે બુદ્ધિ અને મસ્તિષ્કથી કામ કરવાવાળાઓનો શ્રમજીવીઓ (મજુરો) પર સદૈવ પ્રધાનતા રહેશે. ત્હેના કામનું મહત્વ કેટલુંએ વધારે છે. જો આપ ત્હેના માટે અવસ્થાનુકુલ જીવનવૃત્તિના વ્યવસ્થાનહિ કરો તો તે ધ્યાન દઇ વિદ્યાની ઉન્નતિ કરી શકશે નહિ અને ત્હેનું પરિણામ ખુરૂં આવશે. સંતોષ અને ત્યાગ રાષ્ટ્રીય અવનતિનાં લક્ષણ છે. ઉન્નત જાતિઓ અધિકાર, રાજ્ય વિસ્તાર, સંપત્તિ અને ગૌરવના માટે જાન કુરબાન કરે છે, તે એટલે સુધી કે બોલ્શેવિક પણ પ્રતિદિન પોતાના રાજ્યની સિમાઓ વધારતા જાય છે.

કનૈયાલાલઃ—એ વિષયપર પછી વાતો થશે, ચાલો આ વખતે

અવસર સારો છે, બાપુજી ઘરમાં માતાની સાથે બેઠા છે, જરા મળી આવી ત્હેને ધૈર્ય આપીએ.

૯

ત્રણે યુવક જઇ હરિદાસની સ્હામે ઉભા રહ્યા. ત્હેણે ચિન્તાતુર ભાવથી કનૈયાલાલને જોઇ પૂછ્યું, ત્હમારી કોલેજ ક્યારે ઉઘડશે ?

કનૈયાલાલઃ—કોલેજ તો પંદર જાનેવારીએ ઉઘડશે પણ હું તો ત્યાં જવા નથી માગતો, નામ કહડાવી નાંખ્યું.

હરિદાસઃ—એ ત્હેં શું નાદાની કરી. ત્હારા મનમાં શું એમ આવ્યું કે હું ચાર માસ સુધી પણ ત્હારી સહાયતા ન કરી શકત. આ એપ્રિલમાં તો ત્હારી પરિક્ષા થવાવાળી હતી કંઇ નહિતો મ્હને પૂછવું તો હતું કે મ્હારો એટલો પણ અધિકાર નથી.

કનૈયાલાલઃ—એટલી ભૂલ તો જરૂર થઇ, પણ જ્યારે આપે ન્યાયના માટે પોતાના સર્વસ્વનો ત્યાગ કરી દીધો ત્યારે મ્હારા માટે એ શરમની વાત હતી કે આપના આદર્શની વિરૂદ્ધ વ્યવહાર કરવો. મ્હેં ડોકટરીનો અભ્યાસ કરવાનો ઇરાદો છોડી દીધો. મ્હારો વિચાર એક વર્તમાન પત્ર કહાડવાનો છે તે પણ મ્હારીજ આજીવિકા ચલાવવાને ખાતર તો નહિજ.

હરિદાસઃ--જેલ જવાને માટે તૈયાર છો ?

કનૈયાલાલઃ--જો ન્યાય અને સત્યના રક્ષણને માટે જેલ જવું પડે તો હું ત્હેને મ્હારૂં અહોભાગ્ય સમજીશ.

હરિદાસઃ—જણાય છે કે ત્હને હવા બરોબર રીતે લાગી ગઇ. વારૂ, પૈસાની ગોઠવણ કરી છે ?

કનૈયાલાલઃ—આપ ત્હેની ચિન્તા ન કરશો. મ્હારા કેટલાક મિત્રોએ સહાયતા કરવાનાં વચનો આપેલાં છે.

હરિદાસઃ—સારી વાત છે, ત્હેની પણ મજા ચાખી લ્યો. હજુ રાજ્યનીતિના ચક્કરમાં આવ્યા નથી. સમજો છો કે જાતિસેવા જેટલી સ્તુત્ય છે એટલીજ સુગમ પણ છે. પણ ત્હમને તુર્તજ અનુભવ થઇ જશે કે ત્યાં ડગલે ડગલે કાંટા છે. હું એવો સ્વાર્થાન્ધ નથી કે ત્હમારા દેશાનુરાગને દબાવા ચ્હાઉં કિન્તુ એટલું જણાવી દેવું એ પોતાનું કર્તવ્ય સમજું છું કે પૂરો વિચાર કરીને એ ક્ષેત્રમાં આવજો. અથવા કેટલેક દૂર ચાલી હિમ્મત છોડી દીધી તો પછી કોઇ સ્થાને મુખ બતાવા લાયક નહિ રહો. હું ત્હમારી મદદ નથી ઇચ્છતો અને ન મ્હારા માટે આ ઓછા ગૌરવની વાત છે કે મ્હારા પુત્રો દેશ-સેવામાં તલ્લીન થઇ જાય, અને પોતાને દેશના પર કુરબાન કરી દે, કેવળ ત્હમને મુશ્કેલીઓથી સચેત કરી દેવા ઇચ્છું છું. ત્હમે કયારે જશો શિવલાલ ?

શિવલાલઃ—હું પણ પંદર જાનેવારીએ જઇશ.

હરિદાસઃ—ત્હમને કેટલા રૂપિયાની જરૂર પડશે. આ મહિનામાં તો ત્હમારે પરિક્ષાની ફી પણ દેવી હશે ?

શિવલાલઃ—જી હા, આશરે અઢીસોની જરૂર છે.

હરિદાસઃ—(વિચારમાં પડી) એથી ઓછામાં કામ નહિ ચાલે ?

શિવલાલઃ—ના જી, છ મહિનાની ફી આગળથી આપવી છે. પરિક્ષાની ફી, બોર્ડિંગની ફી, બધું તો ચુકવવું છે. એક સૂટ પણ શીવડાવવો છે, મ્હારી પાસે કોઇ સારો સૂટ નથી.

હરિદાસઃ—આ વખતે સૂટ રહેવા દો, હા ફીની ગોઠવણ હું કરી દઇશ. એ કારણ કે એમાં છુટકો નથી. ભણો છો મુશ્કેલીથી પાંચ મહિના અને ફી ભરો છો આખા વર્ષની.

શિવલાલ:—તો પછી બધું રહેવા દયો, હું પોતે કંઈ ગોઠવણ કરી લઇશ. આપની ઉપર કાયમ બોજો નાખવા નથી માગતો.

હરિદાસ:—આજ ત્હારી ખરાબ ટેવ છે, કે જરા જરા વાતમાં ચીડાઈ જાય છે. મ્હારી સ્થિતી જોઇ રહ્યો છે, છતાં પણ ત્હારી આંખો નથી ઉઘડતી.

શિવલાલ:—તો શું આપની ઇચ્છા એવી છે કે હું પણ કોલેજમાંથી નામ કઢાવી નાંખું ?

હરિદાસ:—એવી મ્હારી ઇચ્છા નથી પણ હવે ત્હમારે સ્થિતિ પ્રમાણે ખર્ચ ઘટાડવો પડશે. મ્હને એ જોઇ ખેદ થાય છે કે વર્તમાન દશાઓની ત્હમારી ઉપર બિલ્કુલ અસર થઇ નથી. આજ કાલ સમગ્રદેશ સરલ જીવનની તરફ ઝુકી ગયો છે. કોઇ મનુષ્ય પોતાના ઠાઠમાઠ. ટીપટાપ પર ગર્વ કરવાનું સાહસ કરી શકતો નથી. રેશમી વસ્ત્રો, રાણી છાપના બુટો અને સોનેરી ચશ્મા હવે તુચ્છ દ્રષ્ટિથી જોવામાં આવે છે. વિશેષતઃ શિક્ષિત સમુદાયના વિલાસ પ્રેમને તો જનતા સર્વથા અક્ષમ્ય સમજે છે. શિક્ષિત લોકો પાસેથી તો હવે સેવા અને ઉત્સર્ગની આશા રાખવામાં આવે છે. વકિલો પર હવે સન્માનની દષ્ટિ નથી પડતી, લોકો ત્હેનાથી વિમુખ થતા જાય છે. ધનલોલુપ્ત અધ્યપકોને તો જનતા ઘૃણાની નજરે જુએ છે. મ્હે સ્વાર્થવશ ત્હમને વકિલાતની પ્રેરણા કરી હતી કિન્તુ હવે મ્હને ખાત્રી થતી જાય છે કે આપણી જાતિની અવનતિનું એક મુખ્ય કારણ આજ ધંધો છે, ત્હેને લીધે આપણી કોર્ટોમાં ન્યાય સર્વ સાધારણના માટે અલભ્ય થઇ રહ્યો છે. જ્યારે એક એક રજુઆતોને માટે બબ્બે, ચાર ચાર સો, એટલે સુધી કે બબ્બે, ચાર ચાર હજાર લેવામાં આવે છે તો ખુલ્લુ છે કે એ સમય યા પરિશ્રમનું મુલ્ય

નહિ બલ્કે લોકોની ઇર્ષા અને દુર્જનતાનું વ્યાજ છે. જે રજુઆતોનો આધાર માનવ દુર્બલતાઓ પર હોય તે સમાજના માટે કદિ લાભકારી નથી થઇ શકતું. હું ત્હમારી ધારણામાં વિઘ્ન નાખવા નથી ઇચ્છતો, પણ જો ત્હમે વકિલાતને ન્યાયરક્ષણના માટે નહિ પણ વિલાસના માટે ગ્રહણ કરવા માગતા હોતો બ્હેતર છે કે ત્હમે ત્હેને તિલાંજલી આપી ધો.

શિવલાલે કશો ઉત્તર ન દીધો. ખિન્ન થઇ ત્યાંથી ચાલ્યો ગયો, ત્યારે હરિદાસે ગોપાળને પૂછ્યું, કેમ બેટા ! ત્હમે તો પરિક્ષાની તૈયારી કરી રહ્યા છો ને ?

ગોપાળઃ—જ્યારે ત્હમે કહો છો કે પૈસાવાળાની આજકાલ કશી કદર નથી તો પછી એવી કેળવણીથી શું ફાયદો કે જેનો ઉદ્દેશ્ય કેવળ ધન કમાવાનોજ છે. મ્હારૂં નામ કમી કરાવી નાંખો. હું આપની સેવામાં રહેવા માગું છું. મ્હારો વિચાર ખેતી કરવાનો છે. ગંગા પણ મ્હારી સહાયતા કરશે, આખરે આપ ગામડામાં આવી કંઇ નહિંને કંઇ ખેતી જરૂર કરાવશો. ગ્હને એ કામના માટે તૈયાર કરશે એવી આશા છે.

હરિદાસના મુખમંડળપર આત્માભિમાનની લાલી પ્રકાશી નીકળી સુમિત્રાને કહ્યું—લ્યો ગોપાળે ત્હમારી ચિન્તાઓનો અંત લાવી નાંખ્યો. ત્હને ફિકર હતી કે શું થશે. બસ હવે જઇને ગામડામાં રહો. એ ખેતી કરશે ત્હમે આરામની નિદ્રામાં સુઓ અને રામનું નામ લ્યો.

૧૦

એને ત્રીજે દિવસેજ હરિદાસ પોતાના ગામમાં આવી ગયા. મકાન સુધરાવ્યા વિના પડી રહ્યું હતું, આગળ પાછળ ઘાસ જામી

ગયું હતું: ગામવાળાએ બારણામાં ખાતર અને કચરાના ઢગલા કરી દીધા હતા. હાલમાં કેટલાંક વર્ષોથી તે ઘેર આવ્યા ન્હોતા. ચોખ્ખા બંગલાઓમાં રહેવાની ટેવ પડી ગઇ હતી. ત્હેને જોતાં આ ઘર ઝુંપડા કરતાં પણ ખરાબ હતું. હરિદાસે સામાન ઉતાર્યો અને ઝાડુ લઇ બારણું સાફ કરવા લાગ્યા. ગંગા ઘરમા ઝાડુ કહાડવા લાગી. ગોપાળ કેટલીકવાર તો ઉભો ઉભો જોઇ રહ્યો, પછી ટોપલી લઇ કચરો ફેંકવા લાગ્યો. ગામમાં એ ખબર ફેલાઇ ગઇ કે હરિદાસે ગાંધી મહાત્માની આગ્નાથી રાજીનામું આપી દીધું. લોકો આમથી આવવા લાગ્યા. કોઇ ત્હેને સત્યવાદી કહેતા હતા, કોઇ લાંચ રિશ્વત લીધી હોવાથી બરતરફ કર્યા હશે પછી આવાં બ્હાના કરે છે. હરિદાસ એક તૂટેલા ખાટલા પર ઉદાસ બેઠા હતા, સુમિત્રા અંદર ઉભી ઉભી વિચાર કરતી હતી કે આ કચરાનો પહાડ શી રીતે હટશે. પહેલાં આ લોકો જ્યારે ઘેર આવતાં હતાં ત્યારે ગામના લોકો સંકોચવશ ત્હેની નજીક પણ આવતાં ન્હોતાં. ત્હેના ઠાઠમાઠનાં સાધનોને કૂતુહલની દ્રષ્ટિથી જોતાં હતાં પણ કશું બોલવાની હિમ્મત ચાલતી ન્હોતી. કિન્તુ આ વખતે તે વિસ્મયકારી વસ્તુઓ ન્હોતી ન છોકરાંઓની તે શેખી હતી, ન હરિદાસ અને સુમિત્રામાં મ્હોટાઇની માત્રા. એથી તમામ ત્હેની તરફ સહાનુભૂતિ બતાવા લાગ્યાં. સ્ત્રીઓ ગંગાની સાથે ઘરની ચોકખાઈ કરવા લાગી, કેટલાક મનુષ્યોએ હરિદાસની પાસેથી ઝાડું લઇ લીધું અને કચરો ફેંકવા લાગ્યા.

રામશંકર પંડ્યાએ કહ્યું:—ભાઇ ભલું કર્યું રાજનામું દઇ દીધું, દેશ પરદેશમાં માર્યા માર્યા રખડવું, ઘર તો માટીમાં મળી ગયું. મોલ્વી મહમ્મદહુશેન બોલ્યા,—ચાકરી ભલે છોટી હોકે મ્હોટી મુદ્દે ચાકરીજ ને ! અલ્લાએ ઘરમાં સબકુછ દીધું છે ત્યારે ખાલી કોઈની તાબેદારી શા માટે ઉઠાવવી જોઇએ.

ભોજો પટેલ બોલ્યાઃ—ભાઇ જોખમનું કામ તો ભારે, અને વળી તેમાં પાપ ક્યાં થોડું છે ? કેટલાઓને જેલમાં મોકલવા પડે છે. આ લડાઇમાં ગરીઓને મારી મારી કેટલું ધન અપાવ્યું કે જેનો પારજ નથી બાપા. આમ તેમ ધોડાધોડ કરી બચારા ગરિબ મજૂરોને પકડી પકડી મોકલી દીધા અને દાદા ખેડૂતોને હેરાન કરવામાં બાકીજ નથી રાખી. હશે ભાઇ એ બધાં પાપ થઇ ગયાં હવે ઘરમાં સુખેથી રહો અને પાપમાંથી ઉગરો.

ગોબર ચોકીદારઃ—રૂવાબ કેટલો પડે, હુકમ કેવો ચાલે.

ભોજો પટેલઃ—અરે રૂબાબ હોદાથી નથી પડતો, ભલમનસાઇથી હોય છે, વિદ્યાથી હોય છે. પંડિતજીને જોઇ શું કરવા બધા ખાટલાપરથી ઉભા થઇને પગે લાગવા મંડી જાય છે. થાણદાર આવે છે તો ત્હેની ખાતર શેરભર લોટ આપતાં પણ જીવ ઉંચો નીચો થાય છે અને શાસ્ત્રીજીને ત્યાં સીધાં ઘેર નાંખવા જાય છે. જીલામાં એક કરતાં એક ચડતા અમલદારો છે, પણ મહાત્માજીના જેટલો કોનો રૂબાબ છે ? અરે જરાક હુકમ દેતાં માણસો આગના ભડકામાં કૂદવા તૈયાર થાય છે.

પંડિત,—શિવલાલભાઈ કેમ જણાતા નથી.

હરિદાસઃ—કોલેજમાં વકિલાતનો અભ્યાસ કરે છે.

પંડિત, એ ભણતરણુ ભાઇ ત્હમે નાહકનું ભણાવો છો. મોટાં મોટાં કુકર્મો કરવાં પડે છે. વકિલનો માર્યો જીલ્લો તવાહ થઇ ગયો. આપસ આપસમાં લડાવી દેશને ખોખરો કરી દીધો ખોખરો.

કાળો કોળીઃ—હા પંડિતજી વાતતો ખરી છે હો. વેદ, વકિલ ને વેશ્યા ત્રણ કોઇના નહિ બાપા.

ભોજો પટેલઃ—ભાઇ ત્હમે હવે જમીન છોડાવી લ્યો. અને મજેથી ખેતી કરો. ચાકરી ઘણા દિવસ કરી, હવે કંઇક ગૃહસ્થીની મજા લ્યો. એટલું સુખતો નહિ મળે પણ શરીર અને મન આનંદમાં રહેશે પરદેશમાં જે કમાઓ તે બધું કપડાંલત્તાં, ખુરશી ટેબલ, મેવા, મિઠાઇઓમાં ઉડી જાય. પચી ત્રીશનું તો દૂધ પી જતા હશો. ત્રીશ ચાલીશથી ઓછું ઘરનું ભાડું નહિ પડતું હોય. ત્હમારા બધાં ખેતરો છુટી જાયતો મજાથી ચાર સાંતીની ખેતી થવા લાગે.

હરિદાસે સંકોચથી હશીને કહ્યું, રૂપિયા ક્યાંથી લાવું ? બધા મનુષ્યોએ તેની તરફ સંદિગ્ધ ભાવથી જોયું, જાણે તે કોઇ નવાઇનીજ વાત કરી રહ્યા છે. આખરે—

ભોજો પટેલ બોલ્યા—અરે, શું વાત કરો છો ભાઇ કે, રૂપિયા ક્યાંથી લાવું ? ત્રણ ચાર હજારતો ત્હમારી એક પેટીના ખુણામાં પડયા હશે. આટલી મ્હોટી નોકરી કરી, મહિને મહિને મોટા મોટા પગારો લીધા અને બીજું ઉપરથી મળ્યું હશે તે તો જૂદું, છતાં આમ બોલો છો ? તો એ બધું કયાં ઉડાવ્યું ?

હરિદાસઃ—ભાઈ, મ્હે લાંચ-રૂસ્વત કદિ પણ લીધી નથી. માસિક પગારમાં ખર્ચ મુશ્કેલીથી ચલાવતો હતો, તો તેમાં બચે ક્યાંથી.

ભોજો પટેલઃ—અરે રે ! બેટા ત્યારે એ નોકરીમાં શું સ્વાદ એમ તો હોય નહિ, દશવીશ હજારના ગાળાથી ઓછું નહિ હોય !

હરિદાસઃ—ના, ના કાકા ખરી વાત છે હું બિલ્કુલ ખાલી હાથ છું.

ભોજો પટેલઃ—ત્યારે બધો ગુજારો શી રીતે થશે ?

હરિદાસઃ—પ્રભુ માલિક છે.

ભોજો પટેલઃ—બન્ને છોકરા આ વખતે તો ઘણાજ વિવેકી દેખાય છે. પહેલાં તો કોઇની સાથે વાત પણ કરતા ન્હોતા.

એ વાતો ચાલી રહી હતી એટલામાં ગામના શ્રીમાન નવનીધરાય પોતાના બે ચાકરોની સાથે ગાડીમાં બેસી આવતા જણાયા. લોકો ખાટલા પરથી ઉઠીને ઉભા થયા. ગાડી ઉભી રહી. નવનીધરાય ઉતરી પડયા અને હરિદાસનો હાથ પકડી ત્હેને ખાટલા પર બેસાડયા ત્યાં ગામના વ્યાપારી આગેવાનો આશાલાલ, સાકરચંદ અને વીરચંદ પણ આવ્યા. સૌ ફળીયામાં બેઠા.

હરિદાસે કુશળ સમાંચાર પૂછયા. નવનીધરાયે શ્રદ્ધાપુર્ણ ભાવથી કહ્યું:—આ ભૂમિ આપના ચરણોથી પવિત્ર થઇ છે. હવે અહિ બધુંએ કુશળ છે. કાલે સ્હવારે પત્ર ખોલ્યો ત્યાં આપના જ આનંદ સમાચાર પર દૃષ્ટિ પડી. આપના સાહસ અને પુરૂષાર્થને ધન્ય છે. મ્હને કેટલાક મહિનાથી તાવ આવતો હતો પણ સત્ય માનો તો આ શુભ સમાચાર સાંભળતાંજ હું સાજો થઇ ગયો. મહિનાઓથી દવાઓ ખાઇ રહ્યો હતો ખાટલા પરથી ઉઠવું મુશ્કેલ હતું. આજ આપની સેવામાં હાજર છું. એ આપના પદાર્પણનું શુભ ફળ છે. પરમાત્માએ અમારા લોકોનો ઉદ્ધાર કરવાને માટે આપના હૃદયમાં આ પ્રેરણા કરી. અમે અહિ કેટલાક દિવસોથી પંચાયત સ્થાપન કરી છે. ત્હેના કોઇ એવા સરપંચ મળતા ન્હોતા કે જેના પર પ્રજાનો વિશ્વાસ હોય. આપને પરમાત્માંએ ત્હેનો બેડો પાર કરવાને માટે મોકલ્યા છે. ત્હેના પ્રમુખનું સ્થાન આપ ગ્રહણ કરી અમને ઉપકૃત કરશો. રામપુરના રાજા સાહેબ, અજયગઢના મૌલ્વી સાહેબ અને ખુશાલચંદરાય ત્હેના સભ્ય છે. હું ત્હેની તરફથી નિમંત્રણ લઇ આપની સેવામાં આવ્યો છું.

હરિદાસે સંકોચ ભાવે કહ્યું, આપ મ્હને એ યોગ્ય સમજો છો એ આપની કૃપા છે પણ વાસ્તવિક રીતે હું એ સન્માનનો અધિકારી નથી. જે પંચાયતના સભ્યો એવા એવા માનનિય લોકો છે ત્હેનો પ્રમુખ બનવાનું સાહસ હું નથી કરી શકતો.

નવનીધરાય:—ભાઇ સાહેબ આપ આપના મુખેથી એવું ન કહો. આપ પહેલાં એક જીલ્લાના હાકેમ હતા. આજ હજારો હૃદયો પર આપનો અધિકાર છે. શું ન્હાના કે મ્હોટા આપને પુજ્ય સમજે છે. આપે મ્હારી આ પ્રાર્થનાનો સ્વીકાર કરવો પડશે.

હરિદાસ આ સન્માન પદના ભારથી શિર ઉપાડી ન શક્યા. નવનીધરાયે ઉઠી ફુલોનો હાર ત્હેના ગળામાં પહેરાવીં દીધો.

ત્યારબાદ નવનીધરાય એક ક્ષણવાર કોઇ વિચારમાં ડુબી રહ્યા. જણાતું હતું કે તે કંઇક કહેવા માગે છે પણ શરમના માર્યા જીભ ઉપડતી નથી. આખરે શરમાતા શરમાતા બોલ્યા, ભાઇજી ! આપે મ્હારી એક વિનંતી તો કબૂલ કરી, હવે મ્હને એક બીજી વિનંતી કરવાનું મન થાય છે, રજા હોયે તો કરૂં.

હરિદાસ:—ખુશીથી કહો હું સહર્ષ આપની સેવા કરીશ. નવનીધરાયે ખીસ્સામાંથી એક બંધ કવર કહાડયું અને બોલ્યા હું આને આપના ચરણોમાં સમર્પણ કરવાની રજા માગું છું. હરિદાસે નીચી નજરે કવરની તરફ જોયું. લખ્યું હતું:—

" ગીરો ખત રામદાસ ખોડીદાસ પટેલ. "

ત્હેની આંખોમાં ઉપકારનાં આંસુ ભરાઇ આવ્યાં. કંઇ કહેવા ઇચ્છતા હતા કિન્તુ નવનીધરાયે ત્હેને બોલવાનો સમય ન આપ્યો. એજ ક્ષણે કવરને ફાડીને ફેંકી દીધું. અને લોકો ચકિત થઇ રહ્યા હતા કે શું બાબત છે. હરિદાસે ત્હેની તરફ જોઇને કહ્યું, આપ સૌને ખબર પડી કે એ કેવું કવર હતું. એજ બાપુજીનું લખેલું ગીરો ખત હતું. એમ કહેતાં કહેતાં ત્હેનો કંઠ રૂંધાઇ ગયો.

સમાપ્ત.

નગુણા માલીકને !

બની સ્વામિત્વમાં અંધા, ન ચાલો ચાલ એ એ માલીક !
કદર કાંઇ કાર્યની રાખી, રહોને રહેમધા માલીક ! ૧

અમારા માનવાથી તો તમે કહેવાવ છો માલીક !
અમારાં દીલ દુભાવી, તમે કોના થશો માલીક ! ૨

અમોને ચાહશો તો તો ખરે સાચા તમે માલીક !
અમોને બાળશો તો તો અમારા ના તમે માલીક ! ૩

અમારે કાજ ખોદો છો તમે ખાડો, બની માલીક !
અમોને પાળીને એમાં તમો શું પામશો માલીક ! ૪

બનીને મત્ત સ્વાભિમાનમાં ના ના રહો માલીક !
નભે ના દોર [illegible]નો સદાએ એક 'શો માલીક ! ૫

કર્યાં છે દિલ જુદાં શું કમાવાને તમે માલીક :
રહેશો નામના માલીક ન સાચા દિલના માલીક ! ૬

અમારાં ખુન શું શોષો દઇ સંકટ તમે માલીક !
કરી ચૈતન્ય—હિણા હાડને શું પામશો માલીક ! ૭

સહાતું ના હવે રે રે ? ? વધુ ના તાપશો માલીક !
અમો ચુસાયલા છૈયે, વધુ ના ચુસશો માલીક ! ૮

નહિં જો દાદ સાંભળશો, દુઃખીની ઓ ! તમે માલીક !
અમારી વ્હારમાં કરશું અમે દુનિયા તણો માલીક ! ૯

ગુર્જર સાહિત્યમાળા મણકો ૨ જો.

તૈયાર છે ! તૈયાર છે ! તૈયાર છે !!!

ભાઈ પરમાનંદની આત્મકથા

યાને

કારાવાસની કહાણી.

ત્યાગ મૂર્ત્તિ ભાઇ પરમાનંદની આ આત્મકથા પ્રત્યેક હિંદીએ અવશ્ય વાંચવી જરૂરની છે. આમાં તેઓશ્રીને સ્વહસ્તે લખાએલ નવલખાની જેલથી લઇને આન્દામનના ટાપુ સુધીની કેદની કરૂણાજનક સ્થિતિ જેમણે વાંચી છે તેમને ગળાં અવશ્ય ભરાઇ આવ્યાં છે. આ પુસ્તકના નાયક ભાઇ પરમાનંદ માટે દયા મૂર્તિ એન્ડ્રુઝ, કર્નલ વેજવુડ, મહાત્મા ગાંધીજી, જી. વીલીયમ વિગેરે દેશ વિદેશના નેતાઓએ ઘણાજ સરસ અભિપ્રાયો આપેલા છે.

આ પુસ્તકનું લખાણ એટલું તો રસિક છે કે હાથમાં લઇ વાંચવા શરૂ કર્યા પછી પડતી મુકવાનું મન થતું જ નથી.

મુલ્ય કાચું પુંઠું રૂ. ૧) પાકું પુંઠું રૂ. ૧।

મળવાનું ઠેકાણું—

નારણલાલ મોતીલાલ શાહ

બુકસેલર એન્ડ પબ્લીશર,

રીચીરોડ—અમદાવાદ.